**<u>અમદાવાદ (ગ્રામ્ય)મહે.૩જા એડીશનલ જ્યુ.મેજી.સાહેબશ્રીની કોર્ટમાં</u>**

**<u>મુ.મીરઝાપુર અમદાવાદ</u>**

<u>ક્રિમીનલ કેસ નંબર: ૬૮૪૧/૧૯</u>

**ફરીયાદી :** **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી :** ટીની મહેશ દંતાણી

**<u>ગુન્હો : બોમ્બે પ્રોહી.એકટની કલમ ૬૫(એ)(એ)મુજબ</u>**

(૧) સદરહું કામના આરોપી વિરુધ્ધ **બોમ્બે પ્રોહી.એકટની કલમ <u>૬૫(એ)(એ)</u>**મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી આરોપીને ગુના કબુલાત અંગે પુછતા તેઓએ ગુન્હા અંગ આંક–૧ લગત ગુનો કબુલ કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનુ જણાવેલ છે તો વધુમાં આરોપીએ મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીને માહિતગાર કરેલ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજુઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો દયાનેમાં લઈ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**–<u>::હુકમ::</u>–**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કો.ક. ૨૫૫ (૨) અન્વયે તકસીરવાન ઠરાવી **બોમ્બે પ્રોહી.એકટની કલમ <u>૬૬(બી), ૬૫(એ)(એ)</u>**મુજબ ના ગુનામાં રુ. ૧૦૦ ./– અંકે સો રુપીયા પુરાનો દંડ કરવાનો અને જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો તે બદલ દિન– ૨ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આ કામે વેલ્યુબલ મુદામાલ અંગે જો કોઈ હુકમ અગાઉ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે. અને જો ના થયેલ હોય તો તે બાબતે માલીકી પણાની ખાતરી કરી તેના અસલ માલીકને પરત કરવો તેમજ રોકડ નાણા સરકાર ખાતે ખાલસા કરવામાં આવે છે.તેમજ બાકીનો મુદામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છ

આ હુકમ આજરોજ ૯ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ સ્પે સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી ઘોષીત કર્યો.

તારીખ ૯/૯/૨૦૨૩

(એસ.શર્મા )
૩જા એડીશનલ જ્યુ.મેજી.ફ.ક
અમદાવાદ (રુરલ)મીરઝાપુર